**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૧૩૨૮૮/૨૦૧૮**

**જૂનો ફોજદારી કેસ નં.૨૮૧૫/૧૯૯૪**

**ફરિયાદી :-** **નામદાર સરકારશ્રી તરફે શ્રી એસ.એ.સોલંકી**
**કારખાના નિરીક્ષક,અમદાવાદ.**

**: વિરૂઘ્ધ :**

**આરોપી :-** **શ્રી જયંતિલાલ ખીમજીભાઈ મોડસીયા (મેનેજર)**
**પ્રકાશ કેલેન્ડર પ્રા.લી.,**
રાણીપુર, નારોલ રોડ, અમદાવાદ.

**ગુન્હો :-** કારખાના ધારા ૧૯૪૮ ની કલમ ૯૨ મુજબ.

**-: આંક-૧ નીચે હુકમ :-**

**(૧)** હાલનો ફોજદારી કેસ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ તરફથી લેબર કોર્ટ અમદાવાદને તબદીલ કરવામાં આવે છે, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે.

**(૨)** ઉપરોકત હાલના કામની ફરીયાદ કારખાના નિરીક્ષક ઘ્વારા જે તે વખતે સબંધિત મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ઘ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

**(૩)** ત્યારબાદ હાલનો કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતા આરોપીને સમન્સ ઈસ્યુ કરેલ, જે સંદર્ભેનું આંક-૨ નું સમન્સ આરોપી મૃત્યુ પામેલ છે, તેવા શેરા તથા આરોપીના મરણના પ્રમાણપત્ર સાથે પરત આવેલ છે જે સાથે આરોપીના મરણ પ્રમાણપત્રની નકલ સામેલ રાખેલ છે જેને આંક-૩ આપવામાં આવે છે તે જોતાં આરોપી તા.૨૨/૧૧/૨૦૦૬ ના રોજ મૃત્યુ પામેલ હોઈ, જેથી તેમની સામેનો હાલનો ફોજદારી કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવે છે અને તે મુજબ હાલનો કેસ ફેંસલ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૧/૦૯/૨૦૨૧ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૧-૦૯-૨૦૨૧
સ્થળ : અમદાવાદ.

**(નિલેશ અશોકભાઈ ઈજનેર)**
**CODE : GJ00484**
**એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ નં. ૧, અમદાવાદ.**